## સંક્ષિપ્ત સમાચાર

### ઉકાઈમાં કાનબાઈ માતાની વિસર્જન યાત્રા નીકળી



સુરતઃ ઉકાઈમાં વસતા મહારાષ્ટ્ર સમાજ, ખાસ કરીને ખાનદેશી પરિવારો દ્વારા શ્રાવણ માસમાં અત્યંત શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક તેમની કુળદેવી સમાન કાનબાઈ માતાના ઉત્સવની ભવ્ય ઉજવણી કરાઈ હતી. પરંપરા મુજબ નાગપંચમી પછીના રવિવારે માતા કાનબાઈની ઘરમાં આસ્થાભેર સ્થાપના કરી, વિશેષ પૂજા-અર્ચના સાથે 'રોટ' અને ખીરનો સાત્વિક નૈવેદ્ય અર્પણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉત્સાહ અને ભક્તિમય માહોલ વચ્ચે ઢોલ-નગારાના તાલે માતાની ભવ્ય વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી. ભક્તોએ ભક્તિમાં લીન થઈ માતાને જળાશયમાં ભાવભીની વિદાય આપી હતી.

### બામણિયા પાસે ટેમ્પો પલટી જતાં ક્રેન વડે બહાર કઢાયો


મેહુલ પટેલ

અનાવલ: ચીખલીથી બુહારી તરફ જઈ રહેલો આઇસર ટેમ્પો અંબિકા તાલુકાના બામણિયા ગામની સીમમાં વિનાયક વિલા સામે અચાનક પલટી મારી ગયો હતો. અકસ્માતને પગલે સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. ભારે જહેમત બાદ ક્રેનની મદદથી ટેમ્પાને રસ્તા પરથી બહાર કાઢવામાં આવ્યો હતો. વરસાદ દરમિયાન રોડની સાઈડ પર વાહન ઉતારવું અત્યંત જોખમી બની ગયું હોવાથી વાહનો સ્લિપ થવાના બનાવો વધી રહ્યા છે, જેને લઈને સ્થાનિક વાહનચાલકો અને રહીશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે.

### કમલાપોરમાં તાલુકા કક્ષાના સ્વતંત્રતા દિવસની ઉજવણી



માંડવીઃ માંડવીના કમલાપોર પ્રાથમિક શાળા ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની તાલુકા કક્ષાની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. મામલતદાર જયપ્રકાશ મિસ્ત્રીએ ધ્વજવંદન કરાવી સલામી આપી હતી. આ પ્રસંગે શ્રેષ્ઠ સુપરવાઇઝર, શ્રેષ્ઠ ગણતરીદાર તેમજ તાલુકાના પ્રતિભાશાળી શિક્ષકોનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કૃતિ રજૂ કરનારા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામો અપાયાં હતાં.

### કોસંબાની નવસર્જન શાળામાં ધ્વજવંદન


ઈબ્રાહીમ કાનુ


હથોડાઃ કોસંબાની નવસર્જન ઈંગ્લિશ અને ગુજરાતી મીડિયમ સ્કૂલમાં સ્વતંત્રતા પર્વે શાળાના 600 વિદ્યાર્થીએ ધ્વજ પકડી તિરંગા યાત્રા કાઢી હતી અને સ્વતંત્રતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

### તેન ગામના પરમાર પરિવારે માતાનું દેહદાન કર્યું



બારડોલીઃ બારડોલીના તેન ગામના સાંઈનગરમાં રહેતાં 94 વર્ષીય રતનબેન કેશવભાઈ પરમારના પરિવારે માતાની અંતિમ ઈચ્છા પૂર્ણ કરી સમાજ સામે માનવતાનું સર્વોત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રતનબેનની હયાતીમાં જ એક દૃઢ ઈચ્છા હતી કે તેમના મૃત્યુ બાદ તેમનો નશ્વર દેહ રાખ બનીને ઉડી જવાના બદલે મેડિકલના વિદ્યાર્થીઓના અભ્યાસ અને માનવતાના કામે લાગે. માતાના અવસાનથી શોકમગ્ન સુપુત્રો સ્વ. મોહનભાઈ, રમણભાઈ અને નાનુભાઈ તેમજ સમગ્ર પરમાર પરિવારે આંસુઓ વચ્ચે પણ માતાના આ વિચારને જીવંત રાખવાનો હિંમતભર્યો નિર્ણય લીધો હતો. તેમણે પોતાના અંગત દુઃખને બાજુ પર મૂકીને સુરતની સિવિલ હોસ્પિટલ ખાતે માતાના પાર્થિવ દેહનું સન્માનપૂર્વક દેહદાન કર્યું હતું. અંતિમ વિદાયની આ અત્યંત ભાવુક પળોમાં માહ્યાવંશી સમાજના આગેવાનો, ગ્રામજનો અને અન્ય સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌ કોઈએ ભીની આંખે સ્વ. રતનબેનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

### સાબરગામ કોલેજમાં ફ્રી કુકિંગ વર્કશોપ


દિપકસિંહ મહીડા

અંત્રોલીઃ અંત્રોલી નજીક સાબરગામ ખાતે વિદ્યાર્થીઓમાં રાંધણકળા કેળવાય એ હેતુથી એક દિવસીય ૧૦૦% મફત કુકિંગ વર્કશોપ યોજાયો હતો, જેમાં ૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શેફ વ્રજ ત્રિવેદીએ લાઈવ ડેમોન્સ્ટ્રેશન દ્વારા હરાભરા કબાબ, ઓરિયો મિલ્કશેક અને ચીઝ કોર્ન ટોસ્ટ બનાવવાની સરળ ટિપ્સ આપી હતી. આ સફળ આયોજન બદલ ડો.ફાલ્ગુની ઠક્કર, ડો.અર્ચના પટેલ અને પ્રો.નિકિતા રાણાએ શેફનો આભાર માન્યો હતો.

# નિઝરમાં પેન્શન માટે 'ટેન્શન': 5 માસથી નાણાં નહીં મળતાં આક્રોશ

**ગરીબ,** અસહાય અને નિરાધાર વડીલો તેમજ વિધવા બહેનોને પારાવાર મુશ્કેલી

**બાકી** રકમ આગામી સાત દિવસમાં લાભાર્થીઓના ખાતામાં એકસાથે જમા કરવા માંગ



કુકરમુંડાઃ નિઝર તાલુકામાં ગરીબ, અસહાય અને નિરાધાર વડીલો તેમજ વિધવા બહેનોને છેલ્લા ૪થી ૫ મહિનાથી પેન્શનની રકમ ન મળતાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. નિયમ મુજબ દર મહિનાની ૧થી ૭ તારીખ દરમિયાન પેન્શનની રકમ લાભાર્થીઓના બેંક ખાતામાં જમા થવી જોઈએ, પરંતુ લાંબા સમયથી પેન્શન ન મળતાં લાભાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. લાભાર્થીઓનો આક્ષેપ છે કે પેન્શન અટકવાનું કારણ પૂછતાં તંત્ર દ્વારા 'e-KYC પેન્ડિંગ', 'સર્વર ડાઉન' અને 'બેંક મેપિંગ' જેવી ટેક્નિકલ સમસ્યાઓ હોવાનું જણાવવામાં આવે છે. આ મામલે નિઝર મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ઉકેલની માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં પેન્શન વિલંબ માટે જવાબદાર અધિકારીઓ સામે લેખિત ખુલાસો કરવા તેમજ છેલ્લા ૪થી ૫ મહિનાની તમામ બાકી રકમ (Arrears) આગામી સાત દિવસમાં લાભાર્થીઓના ખાતામાં એકસાથે જમા કરવાની માંગ કરાઈ છે. ઉપરાંત e-KYC અને આધાર સીડિંગની સમસ્યાઓ દૂર કરવા ગ્રામ પંચાયત સ્તરે એક સપ્તાહમાં વિશેષ કેમ્પ યોજવાની માંગ પણ કરવામાં આવી છે. પ્રશ્નનો સત્વરે ઉકેલ નહીં આવે તો લાભાર્થીઓ અને ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

# અનાવલમાં સાત વર્ષ સુધી પ્રેમસંબંધ રાખી યુવતી સાથે દુષ્કર્મ

**લગ્નનું** વચન આપી ફરી જનારા યુવક સામે પોલીસ ફરિયાદ

અનાવલઃ અંબિકાના અનાવલમાં લગ્નની લાલચ આપી યુવતી સાથે વિશ્વાસઘાત અને શારીરિક શોષણ કરવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અનાવલ પોલીસે 28 વર્ષીય યુવક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ અંબિકાના વલવાડાના એક ગામની 26 વર્ષીય યુવતીએ અનાવલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર વલવાડાના ગામતળ ફળિયામાં રહેતા શ્રેયશભાઈ હિતેશભાઈ પટેલ (ઉં.વ.28) એ છેલ્લાં સાત વર્ષથી યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. યુવકે યુવતીને 'હું તારી સાથે લગ્ન કરીશ' તેવો વિશ્વાસ આપ્યો હતો અને યુવતીને અવારનવાર જુદી જુદી જગ્યાઓએ ફરવા લઈ જતો હતો અને લગ્નની લાલચ આપી અવારનવાર તેની સાથે શારીરિક સંબંધ બાંધતો હતો.

લાંબા સમય સુધી યુવતીનું શોષણ કર્યા બાદ તાજેતરમાં આરોપી શ્રેયશ પટેલે યુવતી સાથે લગ્ન કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. યુવકે યુવતીનો વિશ્વાસ તોડી તેની સાથે છેતરપિંડી આચરી હોવાનું સામે આવતાં આખરે પીડિત યુવતીએ હિંમત દાખવી અનાવલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે યુવાન વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર કે.સી.પારગી દ્વારા હાથ ધરવામાં આવી

# દેવમોગરાના માઈ મંદિરે કિન્નરે મૂર્તિ પર રૂપિયા ઉડાડ્યા, વિડીયો વાયરલ

**આદિવાસી** સમાજે કુળદેવીનું અપમાન ગણાવી વિરોધ કર્યો



ચિકદાઃ ચિકદાના આદિવાસી કુળદેવી દેવમોગરા માઈ મંદિરે એક કિન્નર દ્વારા માતાજીની મૂર્તિ પર નાણાં ઉડાડવાનો વિવાદ સામે આવ્યો છે. ડિમ્પલ વસાવા નામના કિન્નરે આ કૃત્ય કર્યા બાદ તેનો વિડીયો તેના ઇન્સ્ટાગ્રામ આઈડી queendimpal17345 પર અપલોડ કર્યો હતો, જે વાયરલ થતાં સમગ્ર આદિવાસી સમાજમાં ભારે આક્રોશ ફેલાયો છે.

મંદિર ટ્રસ્ટ દ્વારા દેવમોગરા મંદિર પરિસરમાં ફોટા અને વિડીયો લેવા પર સ્પષ્ટ પ્રતિબંધ હોવા છતાં આ વિડીયો લેવામાં આવ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આ બાબતે મંદિર ટ્રસ્ટ અને મંદિર પરિસરના જવાબદાર અધિકારીઓ સામે અનેક સવાલો ઊભા થયા છે. વિડીયો વાયરલ થતાં જ આદિવાસી સમાજના યુવાનોએ ઇન્સ્ટાગ્રામ તેમજ અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ ઘટનાનો વિરોધ કરવાનું શરૂ કરી દીધું હતું. આદિવાસી સમાજે આ કૃત્યને તેમની કુળદેવીનું અપમાન ગણાવી તીવ્ર નારાજગી વ્યક્ત કરી છે. વિડીયોના પ્રબળ વિરોધ બાદ ડિમ્પલ વસાવાએ ફરી એક પોસ્ટ મૂકી સમગ્ર આદિવાસી સમાજ સમક્ષ હાથ જોડી માફી માંગી છે. તેણે પોતાની ભૂલ સ્વીકારી હતી. આ ઘટનાએ એક નવો મુદ્દો પણ જન્માવ્યો છે. મંદિરમાં આવતા દાનનો ઉપયોગ શ્રદ્ધાળુઓને સારી સુવિધાઓ, જેમ કે રહેવા-જમવાની વ્યવસ્થા માટે થાય તેવી લોકોની માંગ ઊઠી છે. આદિવાસી સમાજના લોકોએ ટ્રસ્ટની કાર્યપ્રણાલી પર પણ પ્રશ્નો ઉઠાવ્યા છે.

# 'હાથ કરો બસમાં બેસો': સ્લોગન સારું પણ બસ ઊભી રહેતી નથી

**બોરદા,** દેવલપાડા અને ખોડદાના વિદ્યાર્થી આવી મુશ્કેલી વેઠી ભણે છે



કુકરમુંડાઃ નિઝર તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાંથી ઉચ્ચ અભ્યાસ માટે અપડાઉન કરતા વિદ્યાર્થીઓ અને ગ્રામજનો માટે એસ.ટી. બસની અપૂરતી સુવિધા ગંભીર સમસ્યા બની છે. નિઝરથી બોરદા, દેવલપાડા અને ખોડદા થઈને મુસાફરી કરતા વિદ્યાર્થીઓએ બસ સેવા પુનઃ શરૂ કરવા તથા સમયપત્રકમાં સુધારો કરવા વિભાગીય નિયામક અને એસ.ટી. નિગમના અધિકારીઓને તથા નિઝર મામલતદારને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે.

વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ સવારના ૯:૩૦ વાગ્યે તથા સાંજના ૫:૩૦ વાગ્યે બસની ખાસ જરૂરિયાત રહે છે. જોકે, પૂરતી બસો અને યોગ્ય સમયપત્રકના અભાવે વિદ્યાર્થીઓને શાળા-કોલેજ પહોંચવામાં મુશ્કેલી પડે છે. અગાઉ આ રૂટ પર ચાલતી કેટલીક બસો બંધ કરી દેવામાં આવી હોવાનું પણ જણાવાયું છે. ઉપરાંત મુબારકપુર બસ સ્ટેન્ડ નજીક, આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ જેવાં મહત્ત્વનાં સ્થળોએ બસો ઊભી ન રહેતી હોવાથી વિદ્યાર્થીઓ અને મહિલા મુસાફરોને પણ હાલાકી ભોગવવી પડે છે. વિદ્યાર્થીઓએ સહી સાથે લેખિત રજૂઆત કરી સવાર-સાંજ યોગ્ય સમયે બસ સેવા શરૂ કરવા અને જરૂરી સ્ટોપેજ પર બસો ઊભી રાખવાની માંગ કરી છે. તાત્કાલિક ઉકેલ નહીં આવે તો વિદ્યાર્થીઓના હિતમાં વિરોધ કાર્યક્રમ યોજવાની ચીમકી પણ આપવામાં આવી છે.

# વરેલીમાં લોખંડની પ્લેટ્સની ચોરી કરનારા ચાર ઝડપાયા


દિપકસિંહ મહીડા, ઈલ્યાસ શેખ

**રૂ.૬.૫૦** લાખનો મુદ્દામાલ કબજે

પલસાણા, અંત્રોલીઃ સુરત ગ્રામ્ય વિસ્તારમાં ગુનાખોરી પર લગામ કસતા કડોદરા GIDC પોલીસે મિલકત સંબંધી ચોરીનો વણઉકેલાયેલો ગુનો ઉકેલી મોટી સફળતા મેળવી છે.

પલસાણાના વરેલી ગામની સીમમાં સોમનાથ ઈન્ડસ્ટ્રિયલ-૨ નજીક ખાડીના પુલ નિર્માણ સાઈટ પરથી લોખંડની સેન્ટિંગ પ્લેટ્સ અને ઘોડાની ચોરી થઈ હતી. બાતમીના આધારે પોલીસે કડોદરા સી.એન.જી. કટ પાસે વોચ ગોઠવી ટાટા ૯૦૯ ટેમ્પો અને બે બાઈક પર ચોરીનો માલસામાન લઈ જતા મૂળ સુરેન્દ્ર નગર અને હાલ સાંકીમાં રહેતા અશોક સંજયભાઈ ઓડ, હમીર ઉર્ફે બોડાભાઈ ઓડ, મૂળ જૂનાગઢ અને આંબોલીમાં રહેતા કિશન રામજીભાઈ પરમાર અને મૂળ બોટાદ અને કામરેજ રહેતા રણજીત હિંમતભાઈ ઓડને આંતરી લીધા હતા. કડક પૂછપરછ દરમિયાન અગાઉ પણ ચોરી અને લૂંટ જેવા ગંભીર ગુનાઓમાં પકડાઈ ચૂકેલા આ રીઢા ગુનેગારોએ પુલની સાઈટ પરથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આ કાર્યવાહી દરમિયાન રૂ.૪૦,૦૦૦ની કિંમતની ૨૦ નંગ લોખંડની સેન્ટિંગ પ્લેટ તથા ૨ લોખંડના ઘોડા, રૂ.૫ લાખની કિંમતનો ટાટા ૯૦૯ ટેમ્પો, હોન્ડા શાઈન બાઈક, બજાજ પલ્સર બાઈક તેમજ બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૬,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી ચારેય સામે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વાલોડમાં કરંટ લાગતાં ભેંસનું મોત

વાલોડઃ વાલોડના ગોપાલનગરમાં ચરવા ગયેલી બે ભેંસ વીજ ટાવરને અડી જતાં કરંટ લાગ્યો હતો. આ દુર્ઘટનામાં એક ભેંસનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું, જ્યારે બીજી ભેંસનો આબાદ બચાવ થયો હતો. બનાવને પગલે પશુપાલકને મોટું આર્થિક નુકસાન થયું છે. વીજ ટાવર બાબતે સ્થાનિકોમાં ભારે આક્રોશ સાથે વિવાદ સર્જાયો હતો.


Milano MULTIPLEX

બારડોલી

Spider-Man: Brand New
Day-2D - 12:00pm

Awarapan 2
11:00am, 01:00pm, 03:00pm, 05:00pm, 07:00pm 09:00pm,10:00pm

Batwara 1947
10:00am, 02:00pm, 04:00pm, 06:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333


**ચૂંટણી અધિકારી, શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ અને નાયબ કલેક્ટર, કામરેજ પ્રાંત, જી.સુરત**

બીજો માળ, તાલુકા સેવા સદન કામરેજ, દાદા ભગવાનના મંદિરની સામે, કામરેજ ચાર રસ્તા, જી.સુરત

ફોન નં. ૦૨૬૨૧-૨૫૩૪૦૦ Email: 17.prantkamrej@gmail.com

ફેક્સ નં. ૦૨૬૨૧-૨૫૩૫૦૦

ક્રમાંકઃ ચટણ/કામરેજ તા.સ.ખ.વે.સંઘ/૦૧/૨૦૨૬ તા. ૧૭/૦૮/૨૦૨૬

-:: જાહેરનામું ::-

ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૦-૨૧/૦૯/૧૯૯૪ ના નોટિફિકેશન, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સાહેબશ્રી, સુરતના પત્ર નં.સ્થા. સ્વ. ચૂં/કામરેજ તાસખવેસંલી/ચૂંટણી/વશી.૧૯૦૫/૨૦૨૬ તા. ૧૫/૦૭/૨૦૨૬ તથા ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો-૧૯૮૨ ના નિયમ-૪, ૫, ૬ તથા ૭ થી મળેલ સત્તાની રૂએ, હું વી. કે. પીપળીયા, ચૂંટણી અધિકારી, શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ અને નાયબ કલેક્ટર, કામરેજ પ્રાંત, જી.સુરત આથી શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ, તા. કામરેજ, જી.સુરતની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી અન્વયે કુલ-૧૮ (અઢાર) સભ્યોની ચૂંટણી સંબંધી મતદારયાદી પ્રસિદ્ધ કરવા અંગેનો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરું છું.

મતદારયાદી પ્રસિદ્ધ કરવાનો કાર્યક્રમ
(જુઓ નિયમ-૪, ૫, ૬ તથા ૭)

| અ.નં. | વિગત | તારીખ/વાર | સમય |
|---|---|---|---|
| ૧ | કામચલાઉ મતદારયાદી પ્રસિદ્ધ કરવાની તારીખ, સમય, સ્થળઃ- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર, કામરેજ પ્રાંત, કામરેજની કચેરી, તા. કામરેજ, જી.સુરત. ૨. મેનેજીંગ ડિરેક્ટર શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. મુ.પો. કામરેજ, તા. કામરેજ, જી.સુરત. ૩. જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, સુરતની કચેરી. ૪. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, કામરેજની કચેરી, તા. કામરેજ, જી.સુરત. | તા. ૧૮/૦૮/૨૦૨૬ મંગળવાર | સવારે ૧૧:૦૦ કલાકે |
| ૨ | કામચલાઉ મતદારયાદી અંગે દાવા અને વાંધા મોકલવાની છેવટની તારીખ, સમય, સ્થળઃ- ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર, કામરેજ પ્રાંત, કામરેજનો કચેરી, તા. કામરેજ, જી.સુરત. | તા. ૨૪/૦૮/૨૦૨૬ સોમવાર | બપોરે ૧૫:૦૦ કલાક સુધી |
| ૩ | કામચલાઉ મતદારયાદી અંગે દાવા અને વાંધા નિકાલ કરવાની છેવટની તારીખ, સમય, સ્થળઃ- ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર, કામરેજ પ્રાંત, કામરેજની કચેરી, તા. કામરેજ, જી.સુરત. | તા. ૩૧/૦૮/૨૦૨૬ સોમવાર | સવારે ૧૧:૦૦ કલાકે |
| ૪ | છેવટની મતદારયાદી પ્રસિદ્ધ કરવાની તારીખ, સમય, સ્થળઃ-ક્રમ નં. ૧ મુજબ | તા. ૦૧/૦૯/૨૦૨૬ મંગળવાર | સવારે ૧૧:૦૦ કલાકે |

સ્થળઃ નાયબ કલેક્ટર કચેરી, કામરેજ, જી.સુરત.
તા. ૧૭/૦૮/૨૦૨૬

(વી. કે. પીપળીયા)
ચૂંટણી અધિકારી
શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કામરેજ અને
નાયબ કલેક્ટર, કામરેજ પ્રાંત, જી.સુરત

**જાહેર નોટીસ** મહે કઠોરના જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં

પરચુરણ અરજી નં. ૧૪૨૩/૨૦૨૬
વકીલશ્રી ધર્મેશ એમ. પરમાર
વકીલશ્રી ભુમિકા બી પટેલ

અરજદારઃ રાઠોડ ગીતાબેન કિશોરભાઈ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી ક્રમ મંત્રીશ્રી, આંબોલી, ગ્રામ પંચાયત,તા.કામરેજ, જી.સુરત

આ કામના અરજદારે અત્રેની કોર્ટમાં અરજદારના દાદા છોટુભાઈ ડાહ્યાભાઈ રાઠોડનું તા.૧૨/૦૭/૨૦૦૫ના રોજ મોજે. આંબોલી ગામ, તા.કામરેજ, જી.સુરત મુકામે અવસાન પામેલ છે. અને તેમના મરણની નોંધણી કરાવવાની રહી ગયેલી જે અંગે કોર્ટમાંથી હુકમ મેળવવા માટેની અત્રેની કોર્ટમાં અરજી કરી છે. જેની મુદત તા. ૧૯/૦૯/૨૦૨૬ ના રોજની મુકર્રર કરવામાં આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૧૩ મી માહે ૦૮ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથીશ્રી |
|---|---|---|---|
| આસી.સીવીલ કોર્ટ કઠોર | આસી.સીવીલ કોર્ટ કઠોર | કોર્ટનો સિક્કો | રજી.સીવીલ કોર્ટ કઠોર |

**જાહેર નોટીસ** મહે કઠોરના જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં

પરચુરણ અરજી નં. ૧૪૨૧ /૨૦૨૬
વકીલશ્રી ધર્મેશ એમ. પરમાર
વકીલશ્રી ભુમિકા બી પટેલ

અરજદારઃ બારૈયા મહેશ્વરીબેન જયેશભાઈ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી ક્રમ મંત્રીશ્રી, ઉંભેળ, ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

આ કામના અરજદારે અત્રેની કોર્ટમાં પોતાના દાદી નામે કુલબાઈ જીવાભાઈ મકવાણાનું તા.૦૧/૦૨/૨૦૧૮ ના રોજ ૩૧, તાડ ફળીયું , ઉંભેળ તા.કામરેજ, જી.સુરત મુકામે અવસાન પામેલ છે. તેમના મરણની નોંધણી કરાવવાની રહી ગયેલી જે અંગે કોર્ટમાંથી હુકમ મેળવવા માટેની અરજી કરી છે. જેની મુદત તા. ૧૯/૦૯/૨૦૨૬ ના રોજની મુકર્રર કરવામાં આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા.૧૩ મી માહે ૦૮ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથીશ્રી |
|---|---|---|---|
| આસી.સીવીલ કોર્ટ કઠોર | આસી.સીવીલ કોર્ટ કઠોર | કોર્ટનો સિક્કો | રજી.સીવીલ કોર્ટ કઠોર |

**જાહેર નોટીસ** મહે કઠોરના જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં

પરચુરણ અરજી નં. ૧૪૧૪/૨૦૨૬
વકીલશ્રી ધર્મેશ એમ. પરમાર
વકીલશ્રી ભુમિકા બી પટેલ

અરજદારઃ પરેશભાઈ ભગવાનદાસભાઈ પંચાલ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી ક્રમ મંત્રીશ્રી, કામરેજ, ગ્રામ પંચાયત,તા. કામરેજ, જી. સુરત

આ કામના અરજદારે અત્રેની કોર્ટમાં પોતાના પુત્ર નામે અક્ષયના જન્મના દાખલામાં જન્મ તારીખવાળી કોલમમાં જન્મ તારીખ ૨૪/૦૫/૧૯૯૮ લખાયેલ છે. તેના સ્થાને જન્મ તારીખવાળી કોલમમાં જન્મ તારીખ ૨૫/૦૫/૧૯૯૮ મુજબનો સુધારો કરવા માટે કોર્ટમાંથી હુકમ મેળવવા માટેની અરજી કરી છે. જેની મુદત તા. ૧૯/૦૯/૨૦૨૬ ના રોજની મુકર્રર કરવામાં આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા.૧૩ મી માહે ૦૮ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથીશ્રી |
|---|---|---|---|
| આસી.સીવીલ કોર્ટ કઠોર | આસી.સીવીલ કોર્ટ કઠોર | કોર્ટનો સિક્કો | રજી.સીવીલ કોર્ટ કઠોર |

**જાહેર નોટીસ** મહે કઠોરના જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં

પરચુરણ અરજી નં. ૧૪૧૫ /૨૦૨૬
વકીલશ્રી ધર્મેશ એમ. પરમાર
વકીલશ્રી ભુમિકા બી પટેલ

અરજદારઃ જયેશકુમાર શંકરલાલ પટેલ

વિરુદ્ધ

સામાવાળાઃ નવાગામ તલાટી ક્રમ મંત્રીશ્રી, નવાગામ ગ્રામ પંચાયત,તા.કામરેજ, જી.સુરત

આ કામના અરજદારે અત્રેની કોર્ટમાં પોતાના પુત્ર નામે ઉત્સવના જન્મના દાખલામાં નામવાળી કોલમમાં નામ ઉત્સવ લખાયેલ છે. તેના સ્થાને વિરાટ અને પિતાનુ નામ જયેશભાઈ લખાયેલ છે. તેના સ્થાને જયેશ મુજબનો સુધારો કરવા માટે કોર્ટમાંથી હુકમ મેળવવા માટેની અરજી કરી છે. જેની મુદત તા.૧૯/૦૯/૨૦૨૬ના રોજની મુકર્રર કરવામાં આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા.૧૪ મી માહે ૦૮ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો..

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથીશ્રી |
|---|---|---|---|
| આસી.સીવીલ કોર્ટ કઠોર | આસી.સીવીલ કોર્ટ કઠોર | કોર્ટનો સિક્કો | રજી.સીવીલ કોર્ટ કઠોર |